Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# હરિપુરા કોંગ્રેસ અધિવેશન અને સરદાર પટેલ

**ડૉ. વસંત પટેલ**
આસિસ્ટન્ટ પ્રોફેસર, અનુસ્નાતક ઇતિહાસ વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-388120, આણંદ મો:9624556654

સને ૧૯૩૬માં મહારાષ્ટ્રના ફૈઝપુર ગામે કોંગ્રેસનું પચાસમું અધિવેશન મળ્યું હતું, તેમાં સરદારે આગામી અધિવેશન ગુજરાતમાં ભરવાનું નિમંત્રણ આપેલું. તેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો હતો. સરદાર ગુજરાતમાં જ્યાં જતા ત્યાં અધિવેશનની માહિતી આપતા અને પ્રચાર પ્રસાર કરતા. બારડોલી તાલુકાના વરાડ ગામે હળપતિઓના સંમેલનમાં સરદારે કહ્યું હતું કે 'તમને ખબર છે કે, તાપી કાંઠે હરિપુરાના પાદરે થોડા જ વખતમાં રાષ્ટ્રીય મહાસભા ભરાવાની છે. આખા દેશની ગુલામી તોડવા છેલ્લાં પચાસ વર્ષથી જે ભગીરથ કરી રહી છે એવી એ મહાસભા છે.'[૧]

હરિપુરા કોંગ્રેસ અધિવેશન વિશિષ્ટ હતું ઇ.સ. ૧૯૨૮માં સરદાર પટેલના બારડોલી નેતૃત્વમાં સત્યાગ્રહ દ્વારા અને ૧૯૩૦માં ના-કરની લડત તથા સામૂહિક હિજરત દ્વારા બારડોલીની પ્રજાએ જે વીરત્વ દાખવ્યું તેને સુયોગ્ય અંજલિ અર્પવા, રાષ્ટ્રની સૌથી મોટી સંસ્થાનું વાર્ષિક અધિવેશન બારડોલી તાલુકામાં ભરવાનું નક્કી થયું.

ગુજરાતમાં અધિવેશનના સ્થળની પસંદગીનું કામ સહેલું ન હતું. સરદાર સાહેબે સ્થળની પસંદગી માટેની એક ખાસ કમિટી નીમી. અનેક જગ્યાઓ જોયા બાદ કમિટીએ ત્રણ સ્થળની ભલામણ કરી. સરદાર સાહેબ એ ત્રણે જગ્યાઓ જોઇ આવ્યા. તેમાં તેમણે બારડોલી તાલુકાના હરિપુરા ગામ ઉપર પસંદગી ઉતારી. ગાંધીજીને પણ હરિપુરા બોલાવ્યા. ગાંધીજી તાપી નદીને કિનારે હરિપુરા ગામની ખુલ્લી જગ્યા જોઇ ખુશ થયા, પણ ગાંધીજીની હંમેશા ઇચ્છા રહેતી કે ગ્રામવિસ્તારમાં અધિવેશન ભરાય તેમાં બહુ ખર્ચ ન થવો જોઇએ. સરદાર સાહેબે ગાંધીજીને સહજ રીતે પૂછી લીધું. આપનો અંદાજ કેટલા રૂપિયાનો છે? ગાંધીજી કહે: પચાર હજારથી વધારે ખર્ચ થાય એ મને ગમે નહીં.૨ સરદાર સાંભળી રહ્યા. એમને તો ગ્રામપ્રદેશમાં પણ ગુજરાતને

આંગણે આવતા પ્રતિનિધિઓની પૂરેપૂરી સગવડ સાચવવી હતી. દૂર દૂરના પ્રાંતમાંથી આવતા મહેમાનોનું આતિથ્ય કરવું હતું. તેને માટે પાંચ હજાર તો શું, પાંચ લાખ રૂપિયા ખર્ચવા તેઓ તૈયાર હતા. સરદાર સાહેબ ક્યારેય ગાંધીજીની વાતનો સીધો વિરોધ કરતા નહીં. પરંતુ પોતાના મનમાં આવે તે જરૂર કરતા. ગાંધીજીની સલાહ લઇને તેઓ અધિવેશનની વ્યવસ્થા માટે કામે લાગ્યા. સૌ પ્રથમ તો તેમણે તેમના ખાસ સાથીઓ કુંવરજીભાઇ, કલ્યાણજીભાઇ અને ખુશાલભાઇ મારફતે કોંગ્રેસનગર માટે ૫૦૦ એકર જમીન માગી. તેના માલિકોએ સરદાર સાહેબને જમીન આપી. જે જમીન હિંદુ અને મુસલમાન બન્ને કોમની હતી. નામદાર વિઠ્ઠલભાઇ પટેલ (સરદાર પટેલના મોટાભાઇ)ની સ્મૃતિમાં કોંગ્રેસનગરનું નામ 'વિઠ્ઠલનગર' રાખવામાં આવ્યું. સરદાર સાહેબે વિજયાદશમીના શુભ દિને નગરનું ખાતમુહૂર્ત કર્યું. સેંકડો કાર્યકર્તાઓને વ્યવસ્થામાં લગાડી દીધા. વિઠ્ઠલનગરનો મુખ્ય રસ્તો તેમજ અંદરના માર્ગોને ડામરના પાકા રોડ બનાવી દીધા. ગ્રામવાસી, વનવાસી કે નગરવાસી સૌ કોઇ સત્યાગ્રહના સમયની પેઠે જ સરદારનું નામ પડતાં સ્વયંસેવક તરીકે મદદમાં આવીને ઊભા રહ્યા.

અધિવેશનમાં પાણીની વ્યવસ્થાના સંદર્ભમાં ગાંધીજીએ કહ્યું કે નદીકિનારે વસતાં હજારો ગ્રામજનો વહેતું પાણી જ પીએ છે. પણ સરદાર સાહેબ તો વર્ષો જૂના મ્યુનિસિપાલિટીના પ્રમુખ. તેમની સ્વચ્છ પાણીની કલ્પના ગાંધીજી કરતાં તદ્દન જુદી હતી. જ્યાં એકસામટાં હજારો માણસો એકઠાં થવાનાં હોય,ત્યાં નદીનું વહેતું પાણી કેમ વાપરી શકાય? તેમણે અમદાવાદ મ્યુનિસિપાલિટીના નિષ્ણાતને બોલાવીને વાpટરવકર્સ ઊભું કર્યું. આખા નગરની ગટરવ્યવસ્થા કરી.ગટરના પાણીના નળ માટે જાઇતી પાઇપો રાસવાળા આશાભાઇ પટેલે ત્યાં ને ત્યાં જ તૈયાર કરાવી. આ વ્યવસ્થા કામચલાઉ હતી, છતાં શહેરનાં મોટાં વાpટરવકર્સ અને ગટરને આંટી મારે એવી સુંદર રીતે કરવામાં આવી હતી. સરદાર સાહેબે ભોજનાલયમાં ગ્રામોદ્યોગની વસ્તુઓ મેળવવાની વ્યવસ્થા ઊભી કરી. હાથછડના ચોખા, હાથે દળેલો આટો, બળદઘાણીનું તેલ વગેરે માટે મહિનાઓ પહેલાં તૈયારી કરી હતી. સાહિત્ય છાપવા માટે હાથબનાવટનો જ કાગળ વાપરવાનો હતો. તેને માટે સ્થળ પર જ એક છાપખાનું ઊભું કરવામાં આવ્યું. દરેક વ્યવસ્થાની સરદાર ચિંતા કરતા. સાંજે બધાજ સ્વયંસેવકોને સોંપેલાં કામોનું રિપોર્ટીંગ લેતા. ક્યારેક રિપોર્ટીંગમાં ગાંધીજીને પણ હાજર રાખતા. ગાંધીજી પણ સલાહ સૂચન કરતા. એકવાર ગાંધીજીએ આગ્રહ રાખીને સરદારને કહ્યું કે, જુઓ આ અધિવેશનમાં દૂધ તો ગાયનું જ આપવાનું છે. સરદારે એ અંગે તેમના વિનોદી સ્વભાવ મુજબ જવાબ આપતાં જણાવ્યુંઃ હા, એ બધું થઇ જશે. તમ તમારે નક્કી જ કર્યા કરોને! ખેડા જિલ્લામાં ઘણી ભેંસો છે. તમને સફદો મારીને ગાયો બનાવીને ગાયનું દૂધ દઇશું.' ગાંધીજી તરત ખંચકાયા. તેઓએ આગ્રહ રાખ્યો, અધિવેશનમાં દૂધ તો ગાયનું અપાવું જાઇએ. તેઓ પોતાના નિર્ણયમાં લેશમાત્ર ચલિત થવાને

ખુશી નહોતા. ગાંધીજીએ ફરી પૂછયું, સરદાર બોલોને, દૂધ તો આપણે ગાયનું જ આપવાનું છે ને? તમે હા પાડો અને પ્રબંધ ગોઠવો તો મારું ગાડું આગળ ચાલે. તરત જ સરદાર હકારાત્મક જવાબમાં બોલ્યાઃ 'હા,હા, વળી બધી વ્યવસ્થા થઇ જશે.' સરદારના આવા ખુલાસાભર્યા જવાબથી ગાંધીજીને સંતોષ થયો.

તે વખતે એજન્ડાની નોંધ કલ્યાણજી મહેતા, પન્નાલાલ ઝવેરી, રાવજીભાઇ પટેલ વગેરે કરતા હતા. સરદારની કબુલાત પછી ખચકાતાં તેઓ બોલ્યાઃ 'સરદાર સાહેબ, બાપુના પ્રશ્ન અંગે અમે એજન્ડા પર શી નોંધ લઇએ? તમે બોલો તે નોંધી લઇએ. તરત જ સરદારે દિલપૂર્વક ખુલાસાથી કહ્યું, હા ભાઇ, હાઃ લખો, કંઇ છૂટકો છે? બાપુનો આગ્રહ છે એટલે આપણે તો ગમે ત્યાંથી ગાયો હાંકી લાવીશું. અધિવેશનની તૈયારીમાં  સૌથી મુશ્કેલ હતું ગાયનાં દૂધ, દહીં, ઘી પૂરાં પાડવાનું તે તો ત્રણ માસ પહેલાંથી હરિપુરાની ભૂમિ ઉપર પૂરતી ગાયોની ગૌશાળા ઊભી કરે તો જ શક્ય બને તેમ હતું. સરદાર જેવા બાપુના 'અંધઅનુયાયી'ને બદલે કોઇપણ દેખતા અનુયાયી હોત તો તેણે ગાયના દૂધને ખાતર કોંગ્રેસ અધિવેશનમાં મોટી ગૌશાળા ઊભી કરવાની યોજના હસવામાં કાઢી નાખી હોત. પરંતુ સરદારે પૂર્ણ ગંભીરતા સાથે ગૌશાળાની યોજના બનાવી. કાંકરેજ ક્ષેત્રમાંથી ગુજરાતની શ્રેષ્ઠ ગણાતી એવી ૫૦૦ ગાયોને હરિપુરા લાવવામાં આવી.૩ આ બધી ગાયોના પાલકો માટે સરદારે તેમને અલગ રહેઠાણો ઊભાં કરી આપ્યાં હતાં. સરદારે ગૌશાળાના અનુભવી પારનેકરની સેવા માગી લીધી. તેઓ, ગાંધીજીની આશ્રમ ગૌશાળાના અનુભવી હતા. તેમણે આ ઘણનું દૂધ બે-ત્રણ માસ સુધી દોહી તેને કન્ડેન્સ્ડ કરી તેના સીલબંધ ડબાઓ એકઠા કરી રાખ્યા. તેમાંથી દૂધ, દહીં વગેરે અધિવેશનના દિવસો દરમિયાન પ્રતિનિધિઓને પીરસ્યાં.

તે વખતે ગાયો ભેગી કરવામાં અને તેમને હરિપુરા પહોંચાડવામાં સારો એવો ખર્ચ અને તકલીફ ભોગવવાં પડ્યાં. તેમજ ગૌશાળાની યોગ્ય વ્યવસ્થા માટે પારનેકરને જાઇએ તેટલી ગોવાળોની સેના રાખી લેવાની છૂટ આપી. જાનાર સમજતા હતા કે સરદાર બધું ત્રણ દિવસના તમાશા માટે કરી રહ્યા છે. કેટલાક લોકોને આવડો મોટો ખર્ચ સરદાર કરતા હતા તે ગમતું નહીં પણ હોય. પણ સરદારના મનમાં પહેલેથી જ એ બધી ગાયો કોંગ્રેસીઓનો જલસો પૂરો થયે બારડોલી પ્રદેશના ખેડૂતોના ઘરોમાં કાયમ માટે આપવાની યોજના હતી. તેની જાણ એ જાનારાઓને પાછળથી જ થઇ. સરદારે બારડોલીના ખેડૂતોને પોતાની યોજના સમજાવી તે માટે તેમને ઉત્સાહિત કર્યા. આ ખેડૂતો ગાયો કરતાં જાડું દૂધ અને ઘી  આપનારી જાડી બુદ્ધિની ભેંસો પાળવા ટેવાયેલા હતા, છતાં તેઓ બળદ તો ગમે તેટલે દૂરથી અને ગમે તેટલા ખર્ચે ચંચળ એવી કાંકરેજી ઓલાદના રાખવાના શોખીન હતા. તેથી તેવાં વાછરડાં ઘેર બેઠાં આપનાર ગાયોને ઘણી ખુશીથી રાખી લીધી. સરદાર સાહેબની ઉત્તમ વ્યવસ્થાનો પરિચય આપણને

ઉપરોક્ત પ્રસંગ ઉપરથી મળે છે. આજુબાજુના લાખો માણસો માત્ર છ પૈસા આપીને આ અધિવેશનમાં ભોજન લેતા. દરરોજ ૫૦ હજારથી વધુ લોકો ભોજનનો લાભ લેતા હતા. જુગતરામ દવેની આગેવાની નીચે ૧૨,૦૦ જેટલા સ્વયંસેવકોનું સ્વચ્છતાદળ ઊભું કરવામાં આવ્યું હતું. આ અધિવેશનના માર્ગો ઉપર ઠેર ઠેર કચરાપેટીઓ મૂકવામાં આવી હતી. દૂરદૂરથી લોકો ગાડાંમાં વિઠ્ઠલ નગરને જાવા આવતા, ગાડાં લઇને આવેલા બળદોના ઘાસચારાની પણ સરદાર સાહેબે વ્યવસ્થા કરી હતી. કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ! જવાહરલાલ નેહરુ સ્વચ્છતા શિબિરની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે કહ્યું કે વલ્લભભાઇએ ભવ્યનગર બાંધ્યું છે.[૪] વિઠ્ઠલનગરને એકાવન દરવાજા હતા. નદી કિનારાના શાંત અને રમણીય સ્થળે ગાંધીજી અને સુભાષબાબુની કુટિરો બાંધવામાં આવી હતી. અધિવેશનમાં વિશાળ મંડપમાં હજારો શ્રોતાજનો સાંભળી શકે તેવી રીતે વ્યાસપીઠ અને વકતાપીઠ રાખવામાં આવી હતી. આખાયે ગુજરાતમાંથી લોકો હરિપુરા કોંગ્રેસમાં ઊમટ્યા હતા. પોરબંદર, કચ્છના માંડવી, ભૂજ, પાલનપુર, રાધનપુરના નગરવાસી અને ગ્રામવાસી, વનવાસી અને સાગરવાસી, સૌ કોઇ અધિવેશનને જાવા માટે ઊમટ્યા હતા.

ઉપરોક્ત વ્યવસ્થા ઉપરાંત સૌથી મોટો પ્રશ્ન હતો અધિવેશન અને કોંગ્રેસના પ્રમુખ સુભાષબાબુના સામૈયાનો. સરદાર સાહેબે સુભાષબાબુનું સામૈયુ કેવી રીતે કરવું અને તેમના રથનો સારથિ કોણ બને, તેને માટે અલગથી તેમના માર્ગદર્શન હેઠળ કમિટી બનાવી. આ કમિટીનાં સૂચનો અને સંવાદો આ કમિટીના સભ્ય એવા કુંવરજી મહેતાના શબ્દોમાં જાઇએ.[૫]

કોંગ્રેસ અધિવેશનની પૂર્વતૈયારી માટે સ્વાગત સમિતિની બેઠક મળી હતી. પ્રમુખસ્થાને સરદાર વલ્લભભાઇ પટેલ હતા. ટપટપ નિર્ણયો લેવાતા હતા. જવાબદારી સોંપાતી હતી. પણ, કોંગ્રેસ પ્રમુખનું સામૈયું કઇ રીતે કાઢવું, તેની ચર્ચા અણધારી રીતે લાંબી ચાલી. સમિતિના ઘણા સભ્યોને એ બાબત કંઇ ને કંઇ કહેવાનું હતું. સરદાર સાહેબ શાંતિપૂર્વક ચર્ચા સાંભળી રહ્યા હતા.

'કોંગ્રેસનું ખુલ્લું અધિવેશન ગામડામાં રાખવાનું કહેવા પાછળ મહાત્માજીના મનમાં સાદાઇની સ્પષ્ટ ગણતરી છે.' સ્વાગતસમિતિના એક સભ્યે કહ્યું.

'સાદાઇની વાત મને માન્ય છે, પણ સાદાઇ એટલે સાંદર્યવિહીનતા નહીં'. સ્વાગતસમિતિના સાહિત્યરસિક સભ્યે કહ્યું.

એ પછી, સમિતિના થોડા સભ્યો સામૈયાની વાત પડતી મૂકી સાંદર્યમીમાંસા પર ઊતરી પડ્યા. આ ટપાટપી થોડીવાર ચાલવા દીધા પછી વલ્લભભાઇએ ચર્ચાનો દોર હાથમાં લીધો. 'આ ચર્ચા તો સુભાષનું સામૈયું કઇ રીતે કરવું તેની છે ને?'

'હા......જી!' બે ત્રણ સભ્યો એકસામટા બોલી ઊઠયા.

'એમાં આટલી લાંબી ચર્ચા શી કરવાની? કોંગ્રેસનું આ એકાવનમું અધિવેશન છે, એટલે સુભાષના ગાલ્લાને એકાવન બળદ જાડાવાના.' સરદારે વિવાદનો અંત લાવતા હોય તેમ નિર્ણય આપ્યો.

'ગા...ડું ' સાહિત્યરસિક સભ્ય સરદારના અરસિક સૂચનથી નારાજ થયા હોવા છતાં પોતાનો અણગમો છુપાવવા મથ્યાઃ 'ગ્રામ્ય નહીં લાગે?'

'અધિવેશન ગામડામાં જ ભરાય છે ને?' સરદારે મીઠી મજાક કરી.

સરદારસાહેબ! કલ્યાણજીભાઇ એક ખૂણેથી બોલ્યા, 'એમની સાંદર્યની કલ્પનાને વાંધો ન આવે, તેવું કંઇક આપણે કરીએ તો?'

'શું કરશો?' સરદારને કલ્યાણજીભાઇના સૂચનમાં હંમેશાં રસ પડતો.

'સુભાષબાબુને આપણે ખેડૂતોના ગાડામાં બેસાડવાને બદલે વાંસદાના રાજાના રથમાં બેસાડીશું. એ તો સુંદર લાગશે ને?' કલ્યાણજીભાઇએ થોડીવાર પહેલાંની સાંદર્યમીમાંસા પર લહેરથી કટાક્ષ કરી લીધો.

'ક્રાંતિવીર સુભાષચંદ્ર બોઝના સામૈયા માટે રાજા પોતાનો રથ આપશે? અંગ્રેજ હાકેમોનો તેમને ડર નહીં લાગે?' કોઇએ પોતાની શંકા વ્યક્ત કરી.

'વાંસદાથી એ રથ લઇ આવવાનું મારા ગળામાં. વાંસદાના રાજાએ મને કદી નિરાશ નથી કર્યો.' કલ્યાણજીભાઇને આથી વિશેષ કહેવાનું જરૂરી ન લાગ્યું. કલ્યાણજીભાઇ જવાબાદરી લે તે કામ પાર પાડે જ. એટલી આબરૂ તેઓ કમાયા હતા.

'એકાવન શણગારેલા બળદ તો મળશે ને? કે તે માગવા વળી ક્યાંક બીજે જવું પડશે?' સરદારે ટીખળ કર્યું.

'એમાં વાંધો નહીં આવે. પણ, એ રથનો સારથિ કોણ થશે?' એક સભ્યે પૂછયું.

એ પ્રશ્ન મહ¥વનો છે. સુભાષબાબુના રથના સારથિ થવા મોટા મોટા માણસો પડાપડી કરશે. સારથિપદની ઉછળામણી કરીએ, તો સારી કમાણી થાય. પણ, આપણે એવું કરવું નથી. સુભાષબાબુના સારથિની પસંદગીમાં આપણે બે બાબતનો ખ્યાલ રાખવો. એક એ બારડોલીની ધરતીનો જાયો હોવો જાઇએ. બીજું, તેનો ત્યાગ સુભાષબાબુની કક્ષાનો જાઇએ. કુંવરજી ભાઇએ ચર્ચાનું સ્વરૂપ સીમિત કરી લીધું.

'છે કોઇ એવું ધ્યાનમાં?' સરદારે પૂછયું.

'સરદાર સાહેબ મારા ધ્યાનમાં એક એવી વ્યÂક્ત છે.' કેશવભાઇએ ઉંમગભેર કહ્યું.

'ક્યાં અગાડી રહે છે?' સરદારની ચોકસાઇ અજબ હતી.

'મારા મૂળ ગામ પરબમાં રહે છે.' કેશવભાઇએ કહ્યું.

'પરબ તો ગાયકવાડી હદનું ગામ. એ પસંદગીમાં કુંવરજીભાઇની પહેલી શરતનું પાલન નથી થતું.'

'સરદારસાહેબ! કેશવભાઇ પટેલે પોરસપૂર્વક કહ્યું. હું જે નામ સૂચવું છું તેમાં કુંવરજીભાઇની પહેલી, બીજી અને બધી શરતોનું પાલન થાય છે. હું જેની વાત કરું છું, તે પરબના મૂળ રહીશ નથી, હિજરતી છે.તેમનું મૂળ ગામ તો વરાડ.'

'તમે છીતા પટેલની વાત કરો છો ને?' સરદાર સાહેબે કહ્યું. 'તમે સુભાષના સારથિ તરીકે યોગ્ય નામ સૂચવ્યું છે. સુભાષ ત્યાગવીર છે, તો છીતા પટેલ એ બાબતમાં ઓછા ઊતરે તેવા નથી. આ તો અર્જુન-કૃષ્ણનો મેળ જામ્યો.' ગાંધીજીની સૂચનાથી સરદાર છીતા પટેલને સુભાષના સારથિનું આમંત્રણ આપવા ગયા. સરદારને જાઇને છીતા પટેલે આનંદ અનુભવ્યો. અને સુભાષના રથના સારથી બનવા હરિપુરા આવી પહોંચ્યા.

ફેબ્રુઆરી માસ ચાલતો હતો શિયાળો પૂરો થવાના આરે હતો તેવામાં અચાનક વિઠ્ઠલનગર પર વંટોળિયા સાથે વરસાદ તૂટી પડ્યો. મંડપ અને કુટિરો અડીખમ ઉભી રહી. પણ એક સ્વયંસેવક તાપીમાં પડીને ડૂબી મર્યા. થોડા દિવસ પછી આશ્રમના સંગીતશા†ી પંડિત ખરેને ઇન્ફ્લુએન્ઝા થતાં તેઓનું પણ અવસાન થયું. સરદાર સાહેબને ખૂબ જ આઘાત લાગ્યો. આ કુદરતી આફત બાદ કરતાં ગામડામાં યોજાયેલું હરિપુરા કોંગ્રેસ અધિવેશન સરદારની કુનેહથી સફળતાથી પાર ઉતર્યું.[૬]

સરદારની હરિપુરા અધિવેશનની સુભાષબાબુના સામૈયાથી માંડીને નાનામાં નાની વસ્તુની વ્યવસ્થાશક્તિનો પરિચય સમગ્રદેશને થયો. ગુજરાતને આંગણે આવેલા મહેમાનોની સરભરા કરવાની ભાવના, મોટામાં મોટા આગેવાનોથી માંડી નાનામાં નાના ખેડૂતોનું પ્રેમપૂર્વક સ્વાગત કરવામાં દેખાતો તેમનો ઉત્સાહ જાઇ અધિવેશનમાં આવનારા સૌ કોઇને સરદારની અજાડ વ્યવસ્થાશÂક્તનાં દર્શન થયાં. આવા ગામડામાં પણ સરદારની વહીવટ કુનેહને કારણે આ અધિવેશનને સફળતા મળી. બધે જ આ વ્યવસ્થાનાં વખાણ થયાં. પરંતુ આ અધિવેશનની સફળતાનો સંપૂર્ણ યશ સરદાર સાહેબે કાર્યકર્તાઓને આપ્યો.

**પાદટીપ**

૧. પરીખ, નરહરિ, દ્વા. અને ઉત્તમચંદ શાહ, સંપાદકોઃ (૧૯૪૯) સરદાર વલ્લભભાઇનાં ભાષણો (૧૯૧૮ થી ૧૯૪૭), નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ. ૩૫૬.

૨. પાઠક, રામનારાયણ ના., (૧૯૭૫) સરદાર વલ્લભભાઇ પટેલ, નવજીવન પ્રકાશન મંંદિર, અમદાવાદ, પૃ. ૩૬૪.

૩. ગાંધી, રાજમોહન (૧૯૯૪), સરદાર પટેલ- એક સમર્પિત જીવન, અનુ. નગીનદાસ સંઘવી, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ. ૨૫૩.

૪. પરીખ નરહરિ, (૧૯૫૬) સરદાર પટેલ, ભાગ-૨, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ.૨૬૦

૫. વૈદ્ય, બાબુભાઇ પ્રા. (૧૯૭૫), રેતિમાં વહાણ (શ્રી કુંવરજીભાઇ વિ. મહેતાનાં આઝાદીની લડતનાં સંસ્મરણો), સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, પૃ.૨૧૦-૨૧૩.

૬. ઝવેરી, બિપીન, (પ.વ.ન.= પ્રકાશન વર્ષ નથી.), સરદાર વલ્લભભાઇ પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ. ૧૨૩.